સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2021 / ૮૯૭૦-૯૯૩૪
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ઈ-મેઈલ : **director-gcert@gujarat.gov.in**
**Web : www.gcert.gujarat.gov.in**
તારીખ : 08/ 04/ 2021

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ એપ્રિલ માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજન બાબત.

સંદર્ભઃ (1) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૩૮૫૬-૩૯૦૮ તા. ૦૧/૦૭/૨૦૨૦

(2) પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૦/૫૮૬૯-૫૯૨૯ તા. ૨૮/૦૭/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે COVID-19 સમય દરમિયાન હોમલર્નીંગની સાથે મૂલ્યાંકન હેતુસર માર્ચ માસમાં પ્રાથમિક શાળાઓમાં દરેક માધ્યમમાં ધોરણ ૩માં ગુજરાતી (પ્રથમભાષા) અને ગણિત, ધોરણ ૪ અને ૫માં અંગ્રેજી અને હિન્દી તથા ધોરણ ૬ થી ૮માં અંગ્રેજી, હિન્દી તથા સંસ્કૃત વિષયની સામયિક મૂલ્યાંકન કસોટી યોજાઈ ગયેલ.

એપ્રિલ-૨૦૨૧માં રાબેતા મુજબ લેવાનાર કસોટી અંગે નીચેની બાબતોને ધ્યાને લઈ આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી છે.

- એપ્રિલ માસમાં ધોરણ-૩માં પર્યાવરણ તથા ધોરણ ૪ થી ૮માં ગુજરાતી (પ્રથમભાષા) અને ગણિતની વિષયની કસોટીઓ યોજવામાં આવનાર છે.
- ઉપરોક્ત સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૭/૦૪/૨૦૨૧ અને ૨૮/૦૪/૨૦૨૧ દરમિયાન યોજવામાં આવનાર છે. તા.૨૬/૦૪/૨૦૨૧ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં પહોંચતી કરવાની રહેશે.
- તા.૨૬/૦૪/૨૦૨૧ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર પણ તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ગુજરાતી માધ્યમની કસોટીઓ જે તે વિષયના પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code પરથી પણ મેળવી શકાશે.
- સદર કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વિદ્યાર્થી વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.

- કસોટીની ઉત્તરવહીઓ તા. ૦૭/૦૫/૨૦૨૧ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.
- લર્નીંગ આઉટકમને ધ્યાનમાં લઈ કસોટીઓ તૈયાર કરવામાં આવશે. કસોટીનો અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

| No. | ધોરણ/ વિષય | | | | | |
|---|---|---|---|---|---|---|
| | STD-3 | STD-4 | STD-5 | STD-6 | STD-7 | STD-8 |
| 1 | પર્યાવરણ | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી | ગુજરાતી |
| પ્રકરણ નંબર | 19 to 23 | 10 to 15 | 10 to 15 | 13 to 18 | 13 to 18 | 14 to 19 |
| 2 | | ગણિત | ગણિત | ગણિત | ગણિત | ગણિત |
| પ્રકરણ નંબર | | 10 to 14 | 10 to 14 | 9 to 14 | 10 to 15 | 12 to 16 |

નોંધ: ઉપરોકત ફાળવણી ગુજરાતી માધ્યમની શાળાઓ માટે છે. અન્ય માધ્યમની પ્રથમભાષાની કસોટીઓમાં જે તે માધ્યમના પાઠ્યક્રમ મુજબ પ્રકરણ સમાવિષ્ટ કરવામાં આવશે.

સચિવ<br>
જીસીઈઆરટી<br>
ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- માન. શિક્ષણસચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણવિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી.ડી.શ્રી, એસ.એસ.એ. કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર
- કન્વીનરશ્રી, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ગાંધીનગર

નકલ રવાના:

- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ